મોતીનો ટૂંક ઇતિહાસ.

લખનાર,

એમ. બી. ગોદરેજ.

પોષ્ટનું સરનામું. Postal address:—

M. B. GODREJ,

15, rue Chateaudun,

PARIS IX

તારનું સરનામું. Telegraphic address:—

"GODREJ" PARIS.

મુંબઈ ઑફીસ. Bombay office:—

ANUPCHAND M. SHAH,

JHAVERI BAZAR,

BOMBAY.

અનુપચંદ એમ. શાહ.

જવેરીબજાર, મુંબઈ.

મોતી.

ગુલી ગોમેદક લસુનીઆ પુન પન્ના પોખરાજ,
હીરા મોતી નીલમન, માણેકને સરતાજ.

સર્વેને જાણીતા ઉપલા દોહરામાં માણેકને નવ રત્નોમાં સૌથી શ્રેષ્ઠ ગણવામાં આવેલુ છે. પણ છેલ્લાં વીશ વરસ થયાં જેવી રીતે આખી દુનિયામાં મોતીની માગણી અને કિંમત દીનપરદીન વધતી જાય છે, તે ઉપરથી તો હવે કહી શકાય કે નવ રત્નોનું તાજ માણેકને નહિ પણ મોતીને ઘટે છે.

સુધરેલા દેશોના લોકોમાં હમેશાં મોતીની કદર થતી આવી છે. વેદમાં, રામાયણ અને મહાભારતમાં તથા કાલીદાસનાં નાટકોમાં મોતીનાં ગાયનો ગાવામાં આવેલાં છે. અસલના જમાનામાં તો મોતીની કદર ફક્ત ચીન, ઇરાન અને હિંદુસ્તાનમાંજ હતી પણ હવે વખત ફેરવાયો છે. હાલના વખતમાં તો યૂરોપ અને અમેરીકાના તવંગરો અને મધ્યમ વર્ગના લોકોનું એક પણ કુટુંબ નહિ હશે કે જે થોડાં યા ઘણાં મોતીનો ઉપયોગ ન કરતું હોય. મરદોમાં નેકતાઇની પીન અને ખમીસનાં બટનો પેહેરવાનો શોખ અને બાનુઓને મોટાં મોતીની માળા, ઝીણાં મોતીના ગલપટા, મોતીની સાંકળી, કાનની બુટી, બાળમાં પહેરવાનાં તીઆર, હાથની બંગડી, વીંટી તથા સુચો વગેરે જુદા જુદા દાગીના પહેરવાનો શોખ પશ્ચિમ તરફના લોકોમાં બહુ વધી ગયો છે. મોતીનો શોખ વધવાથી કુદરતી રીતે મોતીના ભાવોમાં પણ મોટા ઉછાળો થયો છે, અને આગળ કદી નહિ ધારેલા ભાવો હવે પારીસ, લંડન અને ન્યુયોર્કના બજારોમાં મળે છે.

મોતીની ઉત્પત્તિ.

મોતી શું ચીજનું બનેલું છે અને તે કેમ પેદા થાય છે, તે-માટે પુરાણા જમાનાના તેમજ હાલના વખતના લોકો કેટલાક વિચિત્ર વિચારો ધરાવતા જણાય છે. અસલના ચીના લોકો એમ માનતા હતા કે મોતી તો દરીઆઇ સરપના માથામાંથી નીકળે છે. હાલમાં પણ કેટલાક લોકો એમ માને છે કે, મોતી તો એક જાતનાં દરીઆઈ પ્રાણીનાં આંસુ છે. તેમજ મોટે ભાગે હિંદુસ્તા-નના લોકો હજી પણ એમ માને છે કે, પુનમને દિવસે જ્યારે વર્સાદનાં અથવા સવારે પડતા દવનાં ટીપાં કાલુ માછલીની છીપમાં દાખલ થાય છે ત્યારે મોતી બને છે. પણ એ સધળા વિચારો ભુલ-ભર્યા છે, એવું રસાયણ શાસ્ત્રોએ આપણને દેખાડી આપ્યું છે. મોતીને તપાસતાં જણાય છે કે પાણી જે તત્વોનું બનેલું છે તેથી જુદાજ તત્વોનું મોતી બનેલું છે, જેમ હીરા અને કોલસામાં ઝાઝો ફરક નથી કારણ બુન્ને વસ્તુઓનો મુખ્ય તત્વ એકજ ચીજ છે જેને ઇંગ્રેજીમાં "કારબન" કહે છે, જેમ માણેક અને ફટકડીનો મુખ્ય તત્વ એલ્યુમીન છે તેમજ મોતી અને ચાકમાં ઝાઝો ફરક નથી કારણ એ વસ્તુઓનો મુખ્ય તત્વ એકજ ચીજ છે જેને ઇંગ્રેજીમાં "કારબોનેત ઓફ્ લાઇમ" કહે છે. જો થોડાંક મોતીનો ભુકો કરી તેને ગરમી આપીને તે માંહે સમાયલી કારબોનીક એસીડને છૂટી થવા દઈએ તો જે પદાર્થ બાકી રહેશે તે કાંઈ નહિ પણ સાધારણ ચુનો રહેશે. એ ચુનામાં રેતીની મેળવણી કરીએ તો સીમીટ બનાવી શકાય. આ ઉપરથી તો ત્યારે ખુલ્લું જણાય છે કે, મોતી કાંઈ ફક્ત પાણીનાં ટીપાંનું બનેલું નથી. પાણી તો જેમ દરેક જણ જાણે છે તેમ બે ભાગ "હાઇદરોજીન" અને એક ભાગ "ઑકસીજીન" ગેસોનું બનેલું છે. પણ મોતીની મેળવણીમાં તો ૯૨ ટકા એક જાતનો ચાક, ૬ ટકા જીવીક પદાર્થ (organic matter) અને ફક્ત બે ટકા પાણીનો ભાગ છે.

જ્યારે કોઇ જાતની બહારની વસ્તુ જેવી કે રેતીનો ઝીણો-દાણો અથવા એક જાતનો અત્યંત નાનો કીડો કાલુ માછલીના છીપમાં દાખલ થાય છે, ત્યારે તે કચરો માછલીને ચાલુ ખુંચ્યા કરે છે. તે વખતે જેમ માણસનું કલેજું પીત બનાવીને આંતરડામાં મોકલે છે તેમ કાલુ માછલી એક જાતનો પ્રવાહી પદાર્થ પોતાના શરીરમાંથી બહાર કાઢી તે રેતીના દાણા ઉપર ફેંકે છે. અને પોતાના બદનને ન ખુંચે તેમ તેને લીસો બનાવે છે. આવી રીતે એક પડ ઉપર બીજું પડ ફેંકવામાં આવે છે ત્યારે વખતના વહેવાં સાથે મોતીનો દાણો બને છે. તેટલા માટે ખરી રીતે તો મોતી કાંઇજ નહિ, પણ જેમ જાણીતા ફ્રેન્ચ વિદ્વાન રાફેલ દુબવાએ કહ્યું છે તેમ "La plus belle perle n'est donc que le brilliant sarcophage d'un ver," એટલે કે સર્વેથી સરસ પાણીદાર મોતી કાંઇજ નહિ પણ એક કીડાની ઝલકતી કફન છે.

મોતીની પેદાશ.

મોતી દુનિયાના લગભગ બધા ભાગોમાંથી મળે છે. પણ ખાસ કરીને એશિઆ, આસ્ટ્રેલીઆ, અને અમેરીકામાંથી વધારે મળે છે. કાંલુ માછલીની ઉત્પત્તિ માટે બે ચીજો ઘણી અગત્યની છે. એક તો એકે દરિયાના પાણીની ઠંડી (temperature) માફકસરની હોવી જોઇએ અને તેમાં મોટા ફેરફારો થવા ન જોઇએ; અને બીજું એ કે પાણીની અંદરનાં વહે (currents) ઝાઝા અને જોસદાર ન રહેવાં જોઇએ. એ કારણોને લીધે મોતી હમેશ બંધ સમુદ્રો અને અખાતોમાંથી મળે છે.

ઇરાની અખાતનાં મોતી.

એશિયાખંડના સૌથી નામાંકિત અને આખી દુનિયામાં સર્વેથી ઉત્તમ મોતી ઇરાનના અખાતમાંથી આવે છે. એ અખા-

તની ઉત્તરે ઇરાનનો કિનારો અને દક્ષિણે અરબસ્તાનનો કિનારો આવેલો છે. અખાતની લંબાઈ ૬૦૦ માઈલ અને પહોળાઈ ૧૦૦ માઈલની છે. અરબસ્તાનના કિનારાની અધવચે બેહરીનનો ટાપુ આવેલો છે. અને તે કિનારાથી વીશેક માઈલને છેટે છે. એ ટાપુની કુલ્લે વસ્તી અરધા લાખ માણસોની છે, અને જે મોતીનું મુખ્ય મથક છે તેનું નામ મનામા છે, અને ત્યાં લગભગ પંદર હજારની વસ્તી છે. ઇરાની અખાતનાં મોતી છેલ્લાં ચાર હજાર વરસ થયાં ઇતિહાસમાં જાણીતાં છે. દર સાલ જુનથી સપ્ટેંબર સુધીના મહિનાઓમાં મોતી શોધવામાં આવે છે. તે વખતે એ અખાતમાં નાના મોટા મળી લગભગ ૫૦૦૦ મછવાઓ કામે લાગે છે. નાના મછવાઓ ઉપર પાંચ સાત આદમી અને મોટા મછવાઓ ઉપર પચીશથી ત્રીશ આદમી હોય છે. દરેક મછવા ઉપર એક નાખોદા, થોડા ખલાસીઓ, એક રસોઈઓ તથા એક બે ડુબકી મારનારાઓ હોય છે. ડુબકી મારનાર એક મોટો પથરો સાથે બાંધીને પાણીમાં ઉતરે છે. કાલુ માછલીનાં ખડકો પાણીની સપાટીથી પાંચ વારથી ત્રીશ વારસુધી ઉંડા હોય છે. ડુબકી મારનાર પાણીની અંદર એક મીનીટથી દોઢ મીનીટ રહે છે, અને તેટલા અરસામાં ઝડપથી પંદર વીશ કાલુ માછલી પોતાની સાથેની ટોપલીમાં ભરે છે, અને તે સાથે બહાર આવે છે. એ પ્રમાણે એક દિવસમાં પચાશ સાઠ વખત ડુબકી મારે છે.

કેટલાક ડુબકી મારનારાઓ પાણીની અંદર ત્રણ ચાર મીનીટ સુધી પોતાનો દમ રાખી શકે છે. ઈરાની અખાતમાંથી દરસાલ મોતી લગભગ એક સરખા જથ્થામાં મળે છે. પણ મોતીના ભાવો વધતા જવાને લીધે જ્યારે આગલી સાલોમાં નીકળતા માલની કિંમત એકથી દોઢ કરોડ રૂપિયાની આંકવામાં આવતી હતી ત્યારે આ સાલમાં લગભગ ત્રણ કરોડ રૂપિઆનો માલ અંકાય છે. એ મોતીનો ધંધો આજસુધી મુંબઈના જાણીતા ઝવેરી શેઠોના

હાથમાં હતો પણ છેલ્લાં બે ત્રણ વરસ થયાં ઘણા સબબોને લીધે યુરોપીયન વેપારીઓના હાથમાં જતો જાય છે. તેનાં કારણો હવે પછી જાણવામાં આવશે.

સીલોનનાં મોતી.

ઇરાની અખાત ઉપરાંત એશિયા ખંડમાં સીલોનના ટાપુ આગળથી પણ મોતી સારા જથ્થામાં નીકલે છે. કોલંબો અને તુતીકોરીન વચ્ચે જે મનારનો અખાત આવેલો છે ત્યાંથી એ મોતી કહાડવામાં આવે છે. પણ જેમ ઇરાની અખાતમાંથી દરસાલ ચાલુ નીકળે છે, તેમ સીલોન આગળથી નીકલતાં નથી. કારણ મનારના અખાતમાં પાણીની અંદરનાં વેહે (currents) ઘણા જોસદાર હોય છે અને તેથી કાલુ અખાતના એક ભાગમાંથી બીજા ભાગમાં ઘસડાઈ જાય છે. છેલ્લાં દશ વરસમાં સર્વથી મોટો મોતીનો જથ્થો ૧૯૦૫ની સાલમાં નીકળ્યો હતો અને તે વરસમાં સીલોનની સરકારને રૂપિઆ પચ્ચીશ લાખની આવક થઈ હતી. જ્યારે ૧૯૦૪માં દશ લાખ અને ૧૯૦૩માં આઠ લાખની આવક થઈ હતી. સને ૧૯૦૫ની સાલ સુધી મોતીની ઉત્પત્તિ ઉપર સીલોનની સરકારે પોતાનો કબજો અને હક્ક રાખ્યો હતો, પણ ૧૯૦૬થી એ મોતી કહાડી વેચવાનું કન્ટ્રાક્ટ "ધી સીલોન કંપની ઑફ પર્લ ફીશરીસ" નામની ખાનગી કંપનીને આપવામાં આવ્યું હતું. એ કંપનીએ દર વરસે સીલોનની સરકારને ફક્ત ૩ લાખ રૂપીઆ આપવાની બોલીએ એ કંટ્રાક્ટ લીધું હતું. કંપનીને ૧૯૦૬માં ૧૪ લાખ રૂપિઆની આવક અને ૧૯૦૭માં લગભગ એટલીજ આવક થઇ હતી. પણ છેલ્લાં ચાર વરસ થયાં મોતી કહાડવામાં આવતાં નથી.

સીલોનમાં જ્યારે મોતી કહાડવાની મોસમ આવે છે, ત્યારે મારીચીકાડી નામના નાના ગામડામાં ફેબ્રુઆરીથી એપ્રિલ સુધી લગભગ ૪૦ હજાર આદમી ભેગાં મળે છે.

હિંદુસ્તાનમાં સીલોન સિવાય કરાંચી, રત્નાગીરી અને જામનગરના કીનારા આગળથી પણ મોતી મળે છે, પણ એ માલ ઘણી નાની રકમનો નીકળે છે.

એ ઉપરાંત રંગુનની દક્ષિણે જે મરગુઈના ટાપુઓ આવેલા છે, તે ખાડીઓમાંથી પણ વરસ દહાડે લાખથી દોઢ લાખ રૂપિઆનાં મોતી નીકળે છે.

રાતા સમુદ્રનાં મોતી.

એશિયાખંડમાં ઇરાની અખાત અને સીલોન ઉપરાંત રાતા સમુદ્રમાંથી પણ મોતી નીકળે છે. એ મોતી મોટે ભાગે અરબસ્તાનના કિનારા ઉપર આવેલાં શહેરો જેવાં કે જદ્દા અને યામ્બો આગળથી નીકળે છે, તેમજ સામેના કિનારા ઉપર આવેલાં શહેરો જેવાં કે કોસેર, સુઆકીમ અને મસાવા આગળથી પણ મળે છે. દર વરસે લગભગ સાત આઠ લાખ રૂપિઆનાં મોતી એ ખાડીઓમાંથી મળે છે. સને ૧૯૦૦ના ડીસેંબર મહિનામાં આ લખનાર આ સઘળાં બંદરે ફરી આવ્યો હતો, પણ માલ કહાડવાની મોસમ માર્ચ એપ્રિલ માસની હોવાથી ત્યાંની કારવાઈ જોવાની તક મળી હતી નહિ.

ચીન જાપાનનાં મોતી.

એશિયાખંડમાં વળી ચીન જાપાન આગળથી પણ મોતી નીકળે છે. ચીનની પૂર્વ દિશાએ આવેલા શીકીઆન અને કવાનતુંગના પ્રાંતો આગળથી અગાઉના વખતમાં સારા જથ્થામાં મોતી નીકળતાં હતાં અને હજી પણ થોડાં નીકળે છે. તે ઉપરાંત મનચુરીઆની નદીઓ અને સરોવરોમાંથી પણ હાલમાં મોતી નીકળે છે. પણ દરસાલ કેટલી કિંમતનો માલ નીકળે છે તે આપણને જણાતું નથી. હાલમાં કેટલાંક વરસો થયાં મુંબાઇના બજારમાં જે ચીનાઈ મજીઠ વેચાવા આવે છે તે બધો માલ કંઈ અસલ

ચીનની પેદાશનાં મોતી સમજવાં નહિ. પણ આગલા વખતમાં ચીનાઓએ જે અરબસ્તાનનો માલ ખરીદી રાખ્યો હતો તે માલ હવે પાછો બહાર નીકળે છે.

જાપાનમાં પણ મોતી નીકળે છે, અને જાપાનીસ સરકાર મોતી ઉછેરવાને ઘણાં ફાંફાં મારે છે. પણ હજીસુધી ઘણી નજીવી કિંમતનો માલ મળે છે જે ચીનમાં વેચાય છે.

આસ્ટ્રેલીયાનાં મોતી.

જ્યારે ઇરાની અખાત અને સીલોનનાં મોતી દુનિયાને સેંકડો વરસો થયાં જાણીતાં છે, ત્યારે આસ્ટ્રેલીયાનાં મોતીની હયાતી ફક્ત પચાશ વરસ થયાં આપણને જણાય છે. આસ્ટ્રેલીયાનાં જાણીતાં શહેરો જેવાં કે એદલેદ, મેલબોરન, સીદની વગેરે એ ખંડની દક્ષિણે આવેલાં છે, પણ મોતી તો એ દક્ષિણ કિનારા ઉપરથી મળતાં નથી પણ ઉત્તર કિનારા ઉપરથી મળે છે. મોતીમાટે મુખ્ય મથકો બ્રુમ, પોર્ટ દારવીન, અને પોર્ટ કેનેડી નામની જગ્યાઓ છે. એ બંદરોએ નવી શોધ પ્રમાણેની સ્ટીમરો અને સાંચા કામથી કામ લેવામાં આવે છે. પરીણામમાં નાની મોટી સઘળી કાલુઓ બહાર કહાડવામાં આવે છે અને તેટલામાટે હવે એ ખાડીઓ આસ્તે આસ્તે ખલાસ થતી જાય છે. હાલમાં દર વરસે ફક્ત ૧૦થી ૧૫ લાખનો માલ નીકળે છે જયારે આગળ બહુ વધારે નીકળતો હતો. એ ખાડીઓનો સમુળગો નાશ ન થાય માટે હાલમાં સરકાર તથા જે કંપનીઓને એ કામ કરવાનું કન્ટ્રાકટ છે તેઓ મજબુત ઉપાયો લઈ ખાડીઓને બચાવી રાખવાની તજવીજ કરતા રહે છે.

આસ્ટ્રેલીયાના પશ્ચિમ કિનારા ઉપર શારકસબે નામનો અખાત છે ત્યાંથી પણ દરસાલ થોડાં મોતી નીકળે છે.

વળી આસ્ટ્રેલીયાની પૂર્વે નાના નાના ઘણા ટાપુઓ છે જેને

સાઉથ સીના ટાપુઓ કહે છે તેમાં મુખ્ય તાહીતી અને તુઆમોતુનાં ટાપુઓ છે. ત્યાંથી પણ દરવરસે ત્રણ ચાર લાખ રૂપિઆનાં મોતી નીકળે છે. એ ટાપુઓના ડુબકી મારનારાઓ આરબ ડુબકી મારનારાઓ કરતાં પણ વધારે હોશિયાર કહેવામાં આવે છે.

તે ઉપરાંત આસ્ત્રેલીયાની ઉત્તરે બોરનીઓનો મોટો ટાપુ છે. એ ટાપુની નજદીક સુલુનો ટાપુ છે, ત્યાંની ખાડીમાંથી પણ દર વરસે આઠ દશ લાખનાં મોતી નીકળે છે.

અમેરીકાનાં મોતી.

ઉત્તર અને દક્ષીણ અમેરીકાનો નકશો ઉઘાડી જોતાં માલુમ પડે છે, કે એ બે ખંડો જ્યાં ભેગા મળે છે ત્યાં સંખ્યાબંધ નાના મોટા ટાપુઓ અને અખાતો આવેલા છે. એ ટાપુઓ અને અખાતો તે તરફ આવેલાં નાનાં નાનાં પ્રજાસત્તાક રાજ્યો જેવાં કે મેક્સીકો, વેનીજુલા, અને પનામાના તાબામાં છે.

ચારસો વરસ ઉપર જ્યારે કોલમ્બસે અમેરીકા દેશ શોધી કહાડ્યો ત્યારથી એ મોતીની ખાડીઓ દુનિયાને જાણીતી થએલી છે.

વેનીજુલાની ખાડીનાં મોતીઓનું કન્ટ્રાક્ટ ૧૮૯૫ ના સાલથી એક ખાનગી કંપનીના હાથમાં હતું. પણ હાલમાં સરકાર તરફથી લાઇસન્સ મેળવી કોઈને પણ મોતી કહાડવાનો હક્ક છે. ત્યાંથી દર વરસે લગભગ દશ લાખ રૂપિઆનાં મોતી નીકળે છે. કારાકાસ નામના બંદરની પૂર્વ તરફના દરિઆમાંથી એ મોતી મળે છે.

વેનીજુલા ઉપરાંત લગભગ એટલીજ કિંમતનાં મોતી મૅક્સીકો આગળથી મળે છે એ મોતી કાંઈ મૅક્સીકાની પૂર્વ દિશાએ આવેલા જાણીતા મેક્સીકોના અખાતમાંથી મળતાં નથી; પણ પશ્ચિમે આવેલો અખાત જેને કેલીફોનીઆનો અખાત કહે છે ત્યાંથી મળે છે.

વેનીજુલા અને મેકસીકો ઉપરાંત પનામાના નાનકડા અખાતમાંથી પણ દર વરસે દોઢથી બે લાખ રૂપિઆનાં મોતી નીકળે છે. એ ખાડીનું મુખ્ય બંદર સેનમીગેલ છે.

એ ઉપરાંત વલી એ દરિયામાં આવેલા બહામાના ટાપુઓ આગળથી પણ મોતી થોડાં નીકળે છે.

વેનીજુલા, મેકસીકો અને પનામાનાં મોતી જે સધળાં સમુદ્રમાંથી નીકળે છે તે ઉપરાંત ઉત્તર અમેરીકાની નદીઓમાંથી પણ મોતી મળે છે. વીસકૉનસીન, તેનેસી, અને આરકેનસાસના પ્રાંતો જેમાંથી મીસીસીપી નદી વહે છે ત્યાંથી એ મોતી નીકળે છે. એ મોતી સારી રકમનાં અને મોટા જથ્થામાં નીકળે છે. અને દર સાલ લગભગ ૧૫ લાખ રૂપીઆનો માલ મળે છે.

મોતીના રંગ અને આકાર.

દુનિયાની જુદી જુદી ખાડીઓમાંથી અનેક પ્રકારના રંગોનાં મોતી નીકળે છે. ઈરાની અખાતમાંથી સફેદ, પીળાં, તથા ગુલાબી મોતી મળે છે. સીલોનમાંથી સફેદ તેમજ સહેજ પીળાં મોતી મળે છે. આસ્ત્રેલીયાનાં મોતી રંગમાં એકદમ સફેદ હોય છે. કાળાં મોતી મોટે ભાગે મેકસીકો આગળથી મળે છે. વેનીજુલાનાં મોતી રંગમાં સીલોનનાં મોતીને ઘણાં મળતાં આવે છે. પરવાલાંને તદ્દન મળતાં ગુલાબી રંગનાં મોતી બહામાના ટાપુઓ આગળથી મળે છે અને કોઈવાર કેલીફોર્નીઆના અખાતમાંથી પણ મળે છે. એ ઉપરાંત બ્લુ, લીલાં, રાતાં અને તાંબીએલ રંગનાં મોતી ઉપર જણાવેલી જુદી જુદી ખાડીઓમાંથી મળી આવે છે. અમેરીકાની નદીઓનાં મોતી રંગમાં સફેદ હોય છે પણ તેમાં પાણી બીલકુલ હોતું નથી. આસ્ત્રેલીયાના પશ્ચિમ કિનારા ઉપર આવેલા સારકસબેનાં મોતી બહુ ઝળકતા સોનેરી રંગનાં પીળાં હોય છે. કાળાં મોતીનો શોખ યુરોપમાં ત્રીજા નેપોલીયનની રાણી યુજે-

નીથી દાખલ થયો હતો. કાળાં મોતીમાં લીલી છાયનાં કાળાં મોતી સૌથી વધારે વખણાય છે.

જેમ મોતીમાં પચરંગી રંગો આવે છે તેમ તેના ઘાટો પણ અનેક પ્રકારના મળે છે. ગોળ, સુજની (pear-shaped), લંબાચી સુજની (drop), પરાઘાટ (conical), ભમરડા જેવાં (top-shaped) બટન, ઊંચાં બટન (haystack), નીચાં બટન (turtle-back), નીમરૂ (blister), ચપટાં, મગીએલ, પીપઘાટ (barrels), ઇંડાઘાટ, બેવડા, દાંતઘાટ, બેડોળ (baroque) વગેરે વગેરે અનેક આકારનાં મોતી આવે છે.

દુનિયાનાં જાણીતાં મોતી.

દુનિયામાં સૌથી મોટામાં મોટું મોતી જે હોપ મોતીના નામથી જાણીતું છે તે ૧૮૮૬ ની સાલમાં લંડનમાં એક ઝવેરીએ નવ હજાર પૌંડની કિંમતે ખરીદ્યું હતું. એ મોતીનું વજન લગભગ ૫૦૦ રતી છે. લંબાઈમાં લગભગ બે ઇંચ અને પહોળાઇમાં દોઢ ઇંચ એનું કદ છે. પણ ઘણું બેડોળ હોવાથી ફક્ત એક રૂપિએ ચવે વેચાયું હતું. ગોળ મોતીમાં સૌથી સરસ વગર એબને મોટો પાણીદાર દાણો હાલ રશીયામાં છે. અને તે પાંચસો ચવથી ઉપરનો દાણો છે. વળી જ્યારે ૧૮૮૭ માં ફ્રેન્ચ સરકારે ત્રીજા નેપોલીઅનનું ઝવેરાત લીલાંઉથી વેચી નાંખ્યું, ત્યારે સર્વેને જાણીતું લારેજાંત નામનું સાડા ચાર હજાર ચવનું લંબાચું મોતી પણ એક રશીયન બાનુએ ખરીદ્યું હતું. સને ૧૯૦૦ ના પારીસ એક્ઝી-બીશનમાં ૪૬ મોતીની એક માળા જેવાને મૂકવામાં આવી હતી. તેનું સામટું વજન લગભગ ૪૫૦ રતી હતું અને તે વખતે તે માળા ૧૫ લાખ રૂપીએ અંકાતી હતી પણ આજના ભાવે તો તેની કિંમત ૫૦ લાખ રૂપિઆની થાય. દુનિયામાં સર્વથી મોટાંમાં મોટા મોતીની એક માળા એક અમેરીકન બાઇ પાસે છે.

તે માળામાં કુલ્લે ૩૦ મોતી છે અને સામટું વજન લગભગ ૩૮૦ રતી છે. એ માળાનું વચલું મોતી લગભગ ૫૭૫ ચવનું છે અને નાનામાં નાનું મોતી ૨૦ ચવનું છે. એ માળા આજે લગભગ એક કરોડ રૂપીએ અંકાય છે. જે દેશમાં એક ધણી પોતાની બાયડીને એક કરોડ રૂપીઆની માળા પહેરાવે, તે દેશની દોલત શું ગંજાવર હશે અને ત્યાં કેટલા કરોડપતીઓ વસતા હશે તેનો આ ઉપરથી વાંચનારને ખ્યાલ આવશે.

હાલમાં હિંદુસ્તાનમાં કેટલાક દેશી રાજાઓ પાસે સારાં મોતીનો સંગ્રહ છે. પણ આગલા મોગલાઈ શહેનશાહોની જાહોજલાલી સાથે સરખાવતાં એ કાંઈ નથી. જાણીતા ફ્રેન્ચ ઝવેરી તેવરનીએ જેણે બસો વરસ ઉપર હિન્દુસ્તાન, ઈરાન અને અરબસ્તાનમાં મુસાફરી કરી હતી. તેની મુસાફરીનો હેવાલ ઘણો વાંચવા લાયક છે. એ ચોપડીમાં દીલ્હીનાં જાણીતાં મોરધાટનાં તખ્ત જેને ફારસીમાં “ તખતે તાઉસ ” કહે છે તેનું વર્ણન આપેલું છે. એ તખત હીરા, માણેક, પાના ઉપરાંત ઉંચી જાતનાં ચોખ્ખાં ૨૫ થી ૭૫ ચવનાં જાડાં મોતીઓથી મઢેલું હતું અને તે વખતે તેવરનીએ એની કિંમત ૨૫ કરોડ રૂપિઆની આંકી હતી.

ઇરાનના શહેનશાહ નાદીરશાહે જ્યારે ઈસવી સને ૧૭૩૯ માં દિલ્હી શહેર જીતીને ત્યાં લૂંટ ચલાવી ત્યારે એ તખત તે પોતાની સાથે ઇરાન લઇ ગયો હતો. હાલમાં પણ તે તેહરાનમાં છે. પણ ઇરાનના રાજાઓએ તેમાંથી સારાં નંગો કહાડીને વેચી નાંખેલાં હોવાથી હાલમાં એ તખતની કિંમત ફક્ત ચાર કરોડ રૂપિઆની અંકાય છે.

મોતીની કિંમતની ગણત્રી.

હિંદુસ્તાનમાં મોતીની કિંમતની ગણત્રી ચવમાં કરવામાં આવે છે. એ ગણત્રી પહેલી નજરે ગુંચવાડા ભરેલી લાગે છે. પણ

દુનિયામાં જેમ ઝીણાં મોતી ઝાઝાં મળે છે તેમ મોટાં મોતી મળતાં નથી તેટલા માટે મોતીની કિંમત તેના વજન ઉપર નહિ પણ તેના વજનના વર્ગ (square) ઉપર કરવામાં આવે છે. વળી અસલના લોકોએ મોતીનું પાણી, રંગ, આકાર, વગેરે ધ્યાનમાં લઈ જુદી જુદી જાતોમાં ૩૩૦ વિભાગ બનાવ્યા છે અને તે ઉપર ચવની ગણત્રી રચી છે. એ પ્રમાણે જો એક મોતીનું વજન એક ટાંક હોય તો એકને એકે ગુણીને પછી ૩૩૦ એ ગુણવામાં આવે છે એટલે તેટલા ચવ થયા; અને પછી ચવના આટલા રૂપિઆ એ પ્રમાણે કિંમત થાય છે. જો મોતી વજનમાં ૨ ટાંકનું હોય તો ઉપલી ગણત્રીએ ૨×૨×૩૩૦=૧૩૨૦ ચવ થાય. નાનાં મોતી માટે વજન રતીમાં લેવામાં આવે છે. અને તે વજનને તેટલીજ રકમે ગુણવામાં આવે છે. પણ ૧ ટાંકની ૨૪ રતી હોવાને લીધે આ જે રકમ આવે તેને પાછળથી ૫૫ એ ગુણીને ૯૬ એ ભાગવામાં આવે છે એટલે કે નવ આના બે પાઇએ ગુણવામાં આવે છે.

જેમ હિંદુસ્તાનમાં મોતીનું વજન ટાંક અને રતીમાં કરવામાં આવે છે તેમ યુરોપમાં કેરેટ અને ગ્રેનમાં કરવામાં આવે છે. ચાર ગ્રેનનો એક કેરેટ થાય છે. મોતીને તોલી તેના જેટલા ગ્રેન થાય તેને તેટલાએજ ગુણવામાં આવે છે અને જે રકમ આવે તેના આટલા ઘણા (time) એ રીતે કિંમતનું ધોરણ રચાયલું છે.

ચીનમાં મોતીનું વજન કોનદોરની અને લીમાં કરવામાં આવે છે. દશ લીનો એક કોનદોરની થાય છે. એક કોનદોરનીનો વજન ૧॥। કેરેટ હોય છે. મોતીને તોલી તેના જેટલા કોનદોરની થાય તેને તેજ રકમે ગુણવામાં આવે છે. એટલે તેટલા તેલ થયા અને પછી તેલની આટલી કિંમત એ પ્રમાણે મોતીની આંકણી કરવામાં આવે છે. ચીનમાં તેલના જુદા જુદા અર્થ થાય છે. વજનનો તેલ એટલે ૧। આઉંસ, ચલણનો તેલ એટલે લગભગ ૨) રૂપીયા, અને મોતીનાં વજનનો તેલ એટલે ચવ સમજવો.

ઇરાન અને અરબસ્તાનમાં મોતીનું વજન અબાસમાં કરવામાં આવે છે. અબાસનું વજન એક કેરેટ કરતાં દશ ટકા ઓછું હોય છે.

ફ્રાન્સ, ઇંગ્લાંડ અને અમેરીકાનાં કેરેટનાં વજનમાં સહેજ ફરક હોય છે. ફ્રાન્સમાં હાલમાં દાખલ કરવામાં આવેલો નવો કેરેટ આગલા કેરેટ કરતાં વજનમાં ૨॥ ટકા નાનો છે.

મોતીની જીંદગી.

મોતી ઘણા લાંબા વખત સુધી સારી હાલતમાં રહી શકે છે. ઈરાન અને બેબીલોન આગળનાં ખોદકામોમાંથી ત્રણ ત્રણ હજાર વરસોનાં મોતી મળી આવ્યાં છે અને તે માંહેલાં કેટલાંક સારી હાલતમાં હાથ લાગ્યાં છે. પારીસનાં લુવર મ્યુઝીઅમમાં બે હજાર વરસની પૂરાણી માળા જોવામાં આવે છે. ચીનથી જે જુનાં મોતી આવે છે તે છેલ્લાં હજાર વરસનો સંગ્રહ આસ્તે આસ્તે બહાર નીકળતો હોય એવું જણાય છે. મોતીમાં સહેજ પાણીનો અંશ હોવાથી ઘણા લાંબા વખતે જ્યારે તે સૂકાય છે, ત્યારે તેમાં ફાટ પડે છે. તેટલા માટે ઘણાં જુનાં મોતી હમેશાં ગરજેલ યા ભાંગેલાં હોય છે. મોતીની લાંબી જીંદગીને લીધે મોતી ખરીદનારાઓ પોતાના કુટુંબમાં વંશપરંપરા સુધી જળવાઇ રહેશે એવી જણશ ધારીનેજ તેની ઉંચી કિંમત આપે છે.

મોતી સુધારવાની રીતો.

આપણે ઉપર જણાવ્યું તેમ મોતી કાંદાની માફક પડ ઉપર પડથી બનેલું છે. કેટલાંક મોતીની ઉપરની ચામડી ઘણી ખરાબ હોય છે, પણ જ્યારે તે છરીથી ઘસીને કહાડી નાંખવામાં આવે છે, ત્યારે અંદરથી ઘણી સારી ચામડીનું પડ નીકળે છે. એવી રીતે કોઈ કોઈવાર એક હલકાં મોતીમાંથી પાછળથી ઘણો સારો દાણો

નીકળી આવે છે. બે વરસ ઉપર પેરીસમાં દશ હજારની કિંમતનો એક હલકો દાણો સુધાર્યા બાદ પાછળથી લગભગ બે લાખ રૂપીઆની કિંમતે વેચાયો હતો.

વળી પીળાં મોતી કરતાં સફેદ મોતીની કિંમત ઘણી વધારે હોવાથી છેલ્લાં દશ પંદર વરસ થયાં મુંબઈ તેમજ પેરીસમાં મોતીને ધોઈને સફેદ કરવાનો હુન્નર ઘણો આગળ વધ્યો છે. મોતી ધોવા માટે જુદી જુદી જણસોનો ઉપયોગ કરવામાં આવે છે, પણ મોટે ભાગે chloride of lime ક્લોરાઈડ ઓફ લાઈમ અથવા તો chloride. of potassium ક્લોરાઈડ ઓફ પોતેસીઅમ વાપરવામાં આવે છે.

વળી રોશનીની અસરથી પણ મોતીનો રંગ ફેરવાતો હોવાથી મોતી ધોવાને માટે સુરજની રોશનીની મદદ પણ લેવામાં આવે છે, જ્યારે યૂરોપમાં ઈલેકટ્રીસીટીનાં લામ્પો સાથે રંગીન કાચોની ગોઠવણ કરીને તેમાંથી જે જાંબુડા રંગનાં કીરણો નીકળે તેથી મોતી સફેદ કરવામાં આવે છે.

પીળાં મોતી ઉપરાંત આસ્માની મોતી પણ હાલમાં પેરીસમાં ઘણી સારી રીતે ધોવામાં આવે છે.

જેમ કેટલાકો પીળાં અને આસ્માની મોતીનો રંગ કહાડીને પૈસા બનાવે છે તેમ વળી હલકાં મોતી ઉપર રંગ ચઢાવવાનો કીસબ પણ હાલમાં ઘણો આગળ વધ્યો છે. 'હલકાં સફેદ અને મેલા રંગનાં મોતીને nitrate of silver અને એવી બીજી જણસોથી કાળાં કરવામાં આવે છે; અને ખાસ કરીને અમેરીકાની નદીઓમાંથી જે બીલકુલ પાણી વગરનાં ફીકા રંગનાં મોતી નીકળે છે તે ઉપર સહેજ ગુલાબી છાંયા આપી પાલીસ કરીને વેચવામાં આવે છે.

વળી હાલમાં વીંધેલી સુજનીઓ તથા વીંધેલાં બટનઘાટનાં મોતીઓનાં નાકાં પણ celluloid અથવા એવી બીજી મેળવણીથી પુરીને વેચવામાં આવે છે. અને ભાંગેલાં અથવા ગરજેલ મોતીને

પાછો ભીનાશ આપી ઘણીકવાર એવી ફાટો થોડા વખતને માટે દૂર કરવામાં આવે છે.

મોતીના વેપારનું ભવિષ્ય.

આજ સુધી અરબસ્તાન, સીલોન, અને ચીનનાં મોતીનો વેપાર મુંબઈના ઝવેરી શેઠોના હાથમાં હતો. પણ છેલ્લાં ત્રણ ચાર વરસ થયાં મામલો બદલાવા લાગ્યો છે. યૂરોપના યાહુદી વેપારીઓ હવે પોતે મુંબઈ, અરબસ્તાન, અને ચીન જતા શીખ્યા છે અને તેઓ દીનપર દીન મોતીનો વેપાર આપણા દેશીઓના હાથમાંથી ખેંચી લેતા જાય છે.

એ યાહુદી વેપારીઓ અરબસ્તાનમાંથી પહેલે હાથે માલ ખરીદે છે અને તે માલ યૂરોપ મોકલી તૈયાર કરાવી, એક સટના રંગની માળાઓ, સાંકળીઓ, વગેરે બનાવીને દુકાનદારો તેમજ ખાનગી ઘરાકો પાસેથી જ્યારે માંગ આવે છે ત્યારે પોતાની છેલ્લી કિંમત જણાવી વાજબી નફે માલ વેચે છે.

પણ મુંબાઈના ઝવેરી શેઠો તો એવી રીતે માળા બનાવીને યૂરોપ વેચવા મોકલતા નથી. તેઓ તો હલકો અને સારો માલ સાથે બાંધીને ચુંગડાં તૈયાર કરે છે. એવો નરમ ગરમ માલ દુકાનદારો અને ખાનગી ઘરાકો માટે નકામો થઈ પડે છે અને તેથી પરિણામમાં આપણા દેશીઓનો માલ પહેલાં તો યૂરોપના થોકબંધ વેપારીઓ ખરીદે છે અને તે કાપીને સારાં અને ખરાબ મોતી જુદાં પાડી એક સરખા રંગ અને જાતની માળાઓ તૈયાર કરી તેઓ દુકાનદારો અને ખાનગી ઘરાકોને વેચે છે. વળી મુંબાઈના વેપારીઓ તો જ્યારે ઘરાકને માંગ હોય છે, ત્યારે પોતાની છેલ્લી વ્યાજબી કિંમત જણાવતા નથી અને તેટલા માટે જ્યારે ખાસ માગ નીકળે છે ત્યારે અરબસ્તાનમાંથી ખરીદી લાવનાર યાહુદી

વેપારીઓ તથા યૂરોપના થોકબંધ વેપારીઓ તુરત પોતાની છેવ-ટની કિંમત જણાવી સોદા નક્કી કરી નાંખે છે. એ સઘળાં કાર-ણોને લીધે એ પરદેશી વેપારીઓ મોતીના ધંધામાં ફાવતા જાય છે અને તેટલામાટે આપણી હાલની કામ કરવાની રૂઢીમાં ફેરફાર કરવાની ઘણી અગત્ય છે.

હાલમાં મોતીના ભાવો ઘણા ઉંચા ગયા છે; તેથી કેટલાકો એમ માને છે કે હવે થોડા વખતમાં કરાઈસીસ જરૂર આવશે. પણ એ ભાવો જે ઉપર ગયા છે તે કાંઈ ફક્ત સટોળીઆઓ ઉપર લઈ ગયા છે એમ નથી. કારણ કે જે રીતે મોતીનો ખપ દીનપર દીન વધતો જાય છે તે પ્રમાણમાં માલ દરિઆમાંથી નીકળતો નથી. આખી દુનિયામાંથી દર વરસે નીકળતો નવો માલ ૪ા કરોડ રૂપિઆને આશરેનો ગણવામાં આવે છે અને તે પ્રમાણે લગભગ ૧ા કરોડનો જુનો માલ પણ બજારમાં વેચાવા આવે છે. હવે એ ૬ કરોડ રૂપિઆનાં મોતી જે પહેલી નજરે આપણને ઘણાં લાગે છે તે કાંઈ ખરી રીતે દુનિઆના ખપ માટે ઝાઝાં નથી. સાધારણ અડસટ્ટા પ્રમાણે અમેરીકા દર વરસ ૨ કરોડ, ઇંગ્લાંડ ૧ કરોડ, ફ્રાન્સ ૧ કરોડ, જરમની ૦ાા કરોડ, આસ્ટ્રીઆ ૦ા કરોડ, રશિઆ ૦ા કરોડ, ઈટાલી ૦ા કરોડ, અને યૂરોપનાં નાનાં રાજ્યો ૦ા કરોડ મોતી ખરીદે છે. એ સિવાય દુનિઆના બીજા મુલકો પણ થોડું ઘણું ખરીદે છે. અમેરિકામાં દશ લાખ રૂપિઆની માળાની નવાઈ નથી અને ત્યાં બેથી પાંચ લાખ રૂપિયાની માળા સાધારણ રીતે વેચાય છે. ત્યારે બે કરોડ રૂપિઆનાં મોતી એ દેશની વસ્તી અને દોલત સાથે સરખાવતાં કાંઈ નથી. તેજ પ્રમાણે બીજા દેશો જે માલ ખરીદે છે તે માલ તે દેશોની વસ્તી અને દોલત પ્રમાણે ઝાઝો નથી તેટલા માટે એવું અનુંમાન થઈ શકે કે મોતીના ભાવો નીચે જવાના સંભવ નથી.

વળી છેલ્લાં દશ વરસમાં ફક્ત મોતીના જ ભાવો ઉપર ગયા છે એમ નથી. સુધરેલા દેશોમાં એ દાહેકામાં ખાવાપીવાની, પહેરવા ઓઢવાની, તેમજ સાધારણ વપરાસની વસ્તુઓના ભાવોમાં લગભગ ૨૦ થી ૫૦ ટકાનો વધારો થયો છે. એટલે મોતીના ભાવો પણ ઉપર જાય તેમાં નવાઈ નથી. દરેક જણ સોનાના ભાવોમાં વધારો થયો છે, તેનું કારણ મુખ્ય ભાગે દુનિઆમાં થતી સોનાની રેલછેલ જણાવવામાં આવે છે. વીસ વરસ ઉપર આખી દુનિઆની ખાણોમાંથી વરસ દહાડે ફક્ત ૩૦ કરોડ રૂપિઆનું સોનું નીકળતું હતું. પણ હાલમાં દરસાલ તેથી પાંચગણું, એટલે દોઢ અબજ રૂપિઆનું સોનું નીકળે છે. જ્યારે દુનિઆમાં સોનું ઘણું થાય ત્યારે કુદરતી રીતે દરેક માલની કિંમતો વધવી જોઇએ અને જ્યારે મોતીનો જથ્થો તો દરસાલ એકંદર સરખોજ નીકળે ત્યારે ભાવો વધે એમાં નવાઈ નથી.

ઉપર દર્શાવેલાં કારણો તપાસતાં ખુલ્લું જણાય છે કે મોતીના ભાવો ટકી રહી હળવે હળવે ઉપર જતા જશે તે સાથે એટલું તો ધ્યાન રાખવું જોઈએ, કે જયારે યૂરોપ અને અમેરિકામાં નાણાં બજારની અથવા બીજા ઉદ્યોગની ખરાબ હાલત થશે, ત્યારે મોતી ઉપર તેની માઠી અસર થયા વિના રહેશે નહિ પણ મામલો પાછો સુધરતાં મોતીના ભાવો પાછા આગલા ધોરણ ઉપર આવી જઈ વધતાજ રહેશે એવું લાગે છે.

જયારે મોતીની બરાબર નકલ કરવામાં આવશે ત્યારે મોતીની કિંમત પડશે એવી ધાસ્તી કેટલાકો રાખે છે; પણ મોતીની આબેહુબ નકલ કરવી મુશ્કેલ છે. કારણ આપણે જેમ મોતીની ઉત્પત્તિનાં મથાળાં હેઠળ જોયું તેમ મોતીનાં તત્વોમાં થોડો ભાગ જીવીક પદાર્થનો છે અને જેમ માણસનો વાળ, નખ અથવા ઝાડનું પાંદડું બનાવવું મુશ્કેલ છે, તેજ પ્રમાણે

મોતી પણ બનાવવું મુશ્કેલ છે. બિલકુલ ઝીણા હીરા, નાનાં મોટાં માણેક તથા શની તો હવે રસાયણશાસ્ત્રની મદદથી બની શકે છે, પણ મોતી બનાવવામાં તો જીવતા પ્રાણીનો હાથ હોવાથી મોતી બની શકતાં નથી. જે ખોટાં મોતી કાચની ગોળીઓમાં મીણ ભરીને અથવા તો છીપની ગોળીઓ ઉપર ઈનેમલ કરીને બનાવવામાં આવે છે તે અને ખરાં મોતી વચ્ચે એટલો આસમાન જમીનનો ફરક છે, કે તેવાં નકલી મોતીથી ખરાં મોતીને નુકસાન પહોંચશે એવું માની શકાય નહી. પણ હાલમાં કેલીફોર્નીઆના અખાતમાં છીપો ઉછેરવામાં આવે છે. છીપ ઉઘાડી તેમાં બહારની વસ્તુ દાખલ કરી પાછી પાણીમાં નાંખવામાં આવે છે, ત્યારે કોઈ કોઈ વાર કાલુ માછલી તે ઉપર પોતાના શરીરમાંથી પ્રવાહી પદાર્થ ફેંકીને મોતી બનાવે છે. પણ એવી રીતે મોતી બનાવવાના અખતરાઓ હજી મનમાનતી રીતે ફતેહમંદ થયા નથી. યૂરોપીયન લોકો તો ફક્ત દોઢસો વરસ થયાં એવી કોશેશો કરે છે, પણ ચીનાઓ સેંકડો વરસ થયાં એવા અખતરાઓ કરીને મોતી બનાવતા આવેલા છે. જાપાનીઓ પણ એવી રીતે ઈસે નામની જગ્યાએ મોતી ઉછેરે છે, પણ તેવી રીતે બનાવેલાં મોતી ઘણાં હલકાં અને નાનાં બને છે અને ગોળ મોતી તો કદી બનતાં નથી. માટે એવી રીતે ઉછેરેલાં મોતીથી કુદરતી મોતીને હાની પહોંચવાનો સંભવ જરાએ નથી.

જો મોતીની ફેશન યૂરોપ અમેરિકામાંથી નીકળી જાય તો બજાર એકદમ નીચે આવશે એમ કેટલાકોનું ધારવું છે. પણ આપણે ઉપર જોયું તેમ મોતીની આબેહુબ નકલ કરવી તે બિલકુલ અશક્ય છે, તેમજ વળી દરિયામાંથી જેટલાં ચાહો એટલાં મોતી બહાર કહાડી શકાતાં નથી ત્યારે તો સુંદર મોતીની માળાઓ જ્યાંસુધી શ્રીમંત લોકો પહેરી શકશે ત્યાંસુધી મોતી ફેશનમાંથી નીકળી જશે નહીં.

એ ઉપરથી જણાય છે કે મોતીનાં ભવિષ્ય માટે ધાસ્તી રાખવાનાં કાંઈ પણ કારણો નથી. ફક્ત એકજ કારણથી મોતીના ધંધાને નુકસાન પહોંચવાનો સંભવ છે. તે કારણ એ કે હાલમાં ઘણા અણસમજુ આસામીઓ ખરાબ રીતે મોતી ધોઇને બગાડી નાંખે છે. પેરીસના કેટલાક વેપારીઓને પોતાની વેચેલી ખરાબ રીતે ધોએલી માળા પાછી લેવાની ફરજ પાડવામાં આવી છે. મોતી ધોવાથી તેની જીંદગી ટુંકી થઇ જાય છે એ વાત જ્યારે આખી દુનિઆના લોકો જાણશે ત્યારે તેઓ ખરીદી કરતાં અટકી જશે. માટે જે ટુંકી નજરનાં અણસમજુ આસામીઓ પોતાના તુરતના ફાયદા માટે મોતી ધોઇને બગાડી નાંખે છે તેઓ મોતીના રોજગારના દુશ્મન લેખી શકાય.

એમ. બી. ગોદરેજનો

મોતી અને જવેરાતના તારનો કોડ.

પોષ્ટનું સરનામું. Postal address:—

M. B. GODREJ,

15, rue Chateaudun,

PARIS IX.

તારનું સરનામું. Telegraphic address:—

"GODREJ" PARIS.

મુંબઈ ઑફીશ. Bombay office:—

ANUPCHAND M. SHAH,

JHAVERI BAZAR,

BOMBAY.

અનુપચંદ એમ. શાહ.

જવેરી બજાર, મુંબઈ.

કોડ વાપરવાની સમજણ.

આ કોડ પ્રમાણે દશ અક્ષરનો એક શબ્દ બને છે.

દરેક શબ્દના પહેલા બે અક્ષરો લૉટનો નંબર બતાવે છે, જે આ સાથેના પહેલા કોઠામાંથી વાંચવા.

પછીના ત્રણ અક્ષરો એ લૉટની કિંમત સમજવી, અને તે અક્ષરો કિંમતના કોઠામાંથી વાંચવા.

ત્યાર પછીના ત્રણ અક્ષરો આ સાથેના સાધારણ ઉપયોગના વાક્યોના કોઠામાંથી વાંચવા.

અને છેલ્લા બે અક્ષરો જ્યારે મુંબઈથી તાર કરવામાં આવે ત્યારે માલ ધણીનું નામ જણાવવાને માટે રાખેલા છે.

લૉટ નંબર.

Ba	1	Be	18	Bi	35	Bo	51	Bu	68	By	85
Ca	2	Ce	19	Ci	36	Co	52	Cu	69	Cy	86
Da	3	De	20	Di	37	Do	53	Du	70	Dy	87
Fa	4	Fe	21	Fi	38	Fo	54	Fu	71	Fy	88
Ga	5	Ge	22	Gi	39	Go	55	Gu	72	Gy	89
Ha	6	He	23	Hi	40	Ho	56	Hu	73	Hy	90
Ja	7	Je	24	Ji	—	Jo	57	Ju	74	Jy	91
Ka	8	Ke	25	Ki	41	Ko	58	Ku	75	Ky	92
La	9	Le	26	Li	42	Lo	59	Lu	76	Ly	93
Ma	10	Me	27	Mi	43	Mo	60	Mu	77	My	94
Na	11	Ne	28	Ni	44	No	61	Nu	78	Ny	95
Pa	12	Pe	29	Pi	45	Po	62	Pu	79	Py	96
Ra	13	Re	30	Ri	46	Ro	63	Ru	80	Ry	97
Sa	14	Se	31	Si	47	So	64	Su	81	Sy	98
Ta	15	Te	32	Ti	48	To	65	Tu	82	Ty	99
Va	16	Ve	33	Vi	49	Vo	66	Vu	83	Vy	100
Za	17	Ze	34	Zi	50	Zo	67	Zu	84	Zy	00

કીંમત.

	પૌંડ.		પૌંડ.		પૌંડ.		પૌંડ.
bab	00	bes	19	bos	38	cat	57
bac	01	bet	20	bot	39	ced	58
bad	02	bic	21	buc	40	cel	59
baf	03	bid	22	bud	41	cen	60
bag	04	bif	23	buf	42	cer	61
bak	05	bik	24	buk	43	ces	62
bal	06	bil	25	bul	44	cet	63
ban	07	bin	26	bun	45	cid	64
bar	08	bir	27	bur	46	cif	65
bas	09	bis	28	bus	47	cik	66
bat	10	bit	29	but	48	cil	67
bec	11	boc	30	cad	49	cin	68
bed	12	bod	31	caf	50	cir	69
bef	13	bof	32	cag	51	cis	70
beg	14	bog	33	cak	52	cit	71
bek	15	bok	34	cal	53	cod	72
bel	16	bol	35	can	54	cof	73
ben	17	bon	36	car	55	cog	74
ber	18	bor	37	cas	56	cok	75

	પૌંડ.		પૌંડ.		પૌંડ.		પૌંડ.
col	76	der	96	dot	140	fik	190
con	77	des	97	fac	142	fil	192
cor	78	det	98	fag	145	fin	195
cos	79	dic	99	fak	147	fir	197
cot	80	dif	100	fal	150	fis	200
dac	81	dig	102	fan	152	fit	205
daf	82	dik	105	far	155	foc	210
dag	83	dil	107	fat	157	fod	215
dak	84	din	110	fec	160	fog	220
dal	85	dir	112	fed	162	fok	225
dan	86	dis	115	feg	165	fol	230
dar	87	dit	117	fek	167	fon	235
das	88	doc	120	fel	170	for	240
dat	89	dof	122	fen	172	fos	245
dec	90	dog	125	fer	175	fot	250
def	91	dok	127	fes	177	gac	255
deg	92	dol	130	fet	180	gad	260
dek	93	don	132	fic	182	gaf	265
del	94	dor	135	fid	185	gal	270
den	95	dos	137	fig	187	gar	275

	પૌંડ.		પૌંડ.		પૌંડ.		પૌંડ.
gas	280	gor	380	kin	480	lar	580
gat	285	gos	385	kir	485	las	585
gec	290	got	390	kis	490	lat	590
gen	295	kad	395	kit	495	lec	595
ges	300	kaf	400	kiv	500	led	600
get	305	kal	405	kob	505	leg	605
gic	310	kan	410	kod	510	lek	610
gid	315	kar	415	kof	515	len	615
gif	320	kas	420	kol	520	ler	620
gik	325	kat	425	kon	525	les	625
gil	330	keb	430	kor	530	let	630
gim	335	kec	435	kos	535	lic	6[illegible]
gin	340	ked	440	kot	540	lif	640
gir	345	kel	445	lab	545	lig	645
gis	350	ker	450	lac	550	lik	650
git	355	kes	455	lad	555	lin	655
god	360	ket	460	laf	560	lir	660
gof	365	kid	465	lag	565	lis	665
gol	370	kif	470	lak	570	lit	670
gon	375	kil	475	lan	575	lob	675

	પૌંડ.		પૌંડ.		પૌંડ.		પૌંડ.
loc	680	med	780	mok	880	nek	980
lod	685	meg	785	mol	885	nel	985
log	690	mek	790	mon	890	nen	990
lok	695	mel	795	mor	895	ner	995
lol	700	men	800	mos	900	nes	1000
lon	705	mer	805	mot	905	net	1015
lor	710	mes	810	nab	910	nib	1030
los	715	met	815	nac	915	nic	1050
lot	720	mic	820	nad	920	nif	1065
mac	725	mid	825	naf	925	nik	1085
mad	730	mig	830	nag	930	nil	1100
maf	735	mik	835	nak	935	nin	1120
mag	740	mil	840	nal	940	nir	1140
mak	745	min	845	nan	945	nis	1160
mal	750	mir	850	nar	950	nit	1180
man	755	mis	855	nas	955	pad	1200
mar	760	mit	860	nat	960	paf	1225
mas	765	moc	865	nec	965	pag	1250
mat	770	mof	870	nef	970	pak	1275
mec	775	mog	875	neg	975	pal	1300

	પૌંડ.		પૌંડ.		પૌંડ.		પૌંડ.
pam	1325	ram	1625	sap	1925	tap	11,000
pan	1350	ran	1650	sar	1950	tar	12,000
par	1375	ras	1675	sat	1975	tas	13,000
pas	1400	rat	1700	tab	2000	tat	14,000
pat	1425	sab	1725	tac	3000	taz	15,000
rab	1450	sac	1750	tad	4000	vab	16,000
rac	1475	sad	1775	taf	5000	val	17,000
rad	1500	saf	1800	tag	6000	vam	18,000
raf	1525	sag	1825	tak	7000	vat	19,000
rag	1550	sak	1850	tal	8000	vaz	20,000
rak	1575	sal	1875	tam	9000		
ral	1600	san	1900	tan	10,000		

સાધારણ ઉપયોગનાં વાકયો

ઑફર.

ABC આ ઑફરનો તુરત જવાબ આપશો.

ABD આ ઑફરનો આવતીકાલે જવાબ નહીં આવશે તો સીલ ઉઘડી જશે.

ABF આ ઑફર ઘણી વ્યાજબી છે, માટે રસ્તાસરની લીમીટ આપશો.

ABG તમારી ઑફર સહેજ ઓછી છે, થોડો વધારો મોકલશો તો વેચાણ થાશે.

ABH તમારી ઑફર હજી લાગટ કરતાં ઓછી છે.

ABJ તમારી ઑફર ઘણી ઓછી છે માટે સારો વધારો મોકલો.

ABK આ નંબરમાં અમને નુકસાન જાય છે માટે તમારી ઑફર કબુલ કરી શકતા નથી.

ABL ડુપ્લીકેટની આ ભાવની ઑફર થઈ ગઈ છે.

ABM તમારી ઑફર ઘણીજ ઓછી છે માટે અમે લીમીટ આપતા નથી.

ABN તમારી ઑફર બીલકુલ ઓછી છે માટે માલ પાછો મોકલો.

ABP આ નંબરની આ ભાવથી ઓછી ઑફર કરશો નહિ.

ABR જો તમે આ ભાવની આસપાસ ઑફર કરશો તો વેચાણ થઈ શકશે.

ABS આ ઑફર ઘણી સારી છે, અને મારા ધારવા પ્રમાણે હવે ઝાઝો વધારો મળશે નહિ.

ABT આ ઑફર બહારગામના વેપારીની છે માટે છેવટની લીમીટ આપશો.

ABV આ ઑફર ઘણી મહેનતે મળી છે.

ABX આ ઘણી સારી ઑફર છે. જો તમે કબુલ ન કરો તો તમારી છેવટની લીમીટ આપશો.

ABZ આ ઑફર ઘણી સારી છે. માટે તમને પાલવે તો વેચવાની ભલામણ કરૂં છું.

ACB આ કાંઈ ઑફર નથી, પણ જો એ ભાવે તમારૂં વેચવાનું ધ્યાન હોય તો સોદો થઈ શકશે.

ACC આ બીલકુલ છેવટની ઑફર છે, અને હવે વધારો મળશે નહિ.

ACD હવે ભાવ આવી ગયો છે. કદાચ બે ત્રણ ટકા વધારે મળે પણ ખાતરીથી કહેવાય નહિ.

ACF આવા માલની ખાસ માંગણી હોવાથી આવી સારી ઑફર મળી છે માટે વેચશો એવી આશા છે.

ACH આ ઘણી સારી ઑફર છે માટે વેચવાની સખ્ત ભલામણ કરૂં છું.

ACJ જો આ ઑફર તમે કબુલ કરશો નહિ તો વેચવાની સારી તક હાથમાંથી જતી રહેશે.

ACK હજી સીલ ખોલાવ્યું નથી માટે ફરી વિચાર કરી ઑફર કબુલ કરશો એવી આશા છે.

ACL વેપારી વધારો આપવા ના કહે છે માટે ઑફર કરીથી કરૂં છું.

ACM સીલ ખોલાવવા પહેલાં મારા કમીશનમાંથી ઉમેરીને આ ઑફર તમને ફરીથી કરૂં છું.

ACN આ ઑફરમાં મારૂં કમીશન ઘણું નજીવું રાખ્યું છે.

ACP હવે જો તમે આ ઑફર કબુલ કરશો નહિ, તો સીલ ખુલી જશે.

ACR હવે જો ઑફર કબુલ ન કરો તો માલ પાછો મોકલવા અથવા ટ્રાન્સફર આપવા તૈયાર છું.

ACS સોદો ન બગડે માટે આ પુરી ઑફર વગર કમીશને તમને જણાવું છું.

ACT સીલ રાખી મેલજો, હમે એક બે દિવસમાં જવાબ આપીશું.

ACV તમારો વખતસર જવાબ ન મળ્યો તેથી સીલ ખુલી ગયું છે.

ACX આ નંબરોની આ ભેગી ઑફર છે.

ACZ આ નંબરોની છૂટી ઑફર જણાવો.

ADB વેપારીને બંને નંબરોનો સાથે ખપ હોવાથી છૂટી ઑફરો આપવા ના પાડે છે.

ADC આ નંબરનું શું કરો છો તે જણાવો.

ADD ધ્યાન આપી ઝડપથી ઑફર મોકલો, નહિ તો આ નંબર પાછો મંગાવવો પડશે.

ADF આ નંબરની બજારભાવે ઊંચામાં ઊંચી ઑફર કરો.

ADG આવા માલની હાલમાં બીલકુલ માગણી નથી, માટે ઑફર નથી છતાં મહેનત ચાલુ છે.

ADH આ નંબરની હું મહેનતમાં છું. જેવી ઑફર મળશે તેવી તુરત જણાવીશ.

ADJ આ નંબરની હું મહેનતમાં છું અને થોડા વખતમાં ઑફર મળશે એમ લાગે છે.

ADK છેલ્લી ઑફર ઉપર વધારો મળવાની મને આશા છે.

ADL મારા ધારવા પ્રમાણે હવે છેલ્લી ઑફર પણ પાછી મળવી મુશ્કેલ છે.

ADM હાલમાં ઑફર નથી અને જો વધારો ન મળે તોપણ છેલ્લી ઑફર પાછી મળવાની આશા છે.

ADN હાલમાં આ ઑફર મળી છે પણ વધારે મેળવવાની મને આશા છે.

ADP જો તમે છેલ્લી ઑફર પાછી કરશો તો અમે વેચીશું.

ADR આ નંબરના ઘણામાં ઘણા કેટલા પૌંડ ઉપજાવવાની તમે આશા રાખો છો ?

ADS હું ઘણામાં ઘણો આ ભાવ ઉપજાવવાની આશા રાખું છું, પણ નક્કી કહેવાય નહિ.

ADT

ADV

ADZ

વૅલ્યુ.

AFB ઑફર ન મળવાથી આ નંબરની આ વૅલ્યુ જણાવું છું.

AFC આ નંબરની બજારમાં ઊંચામાં ઊંચી શું વૅલ્યુ થાય છે.

AFD આ નંબરની બજારમાં ઊંચામાં ઊંચી આ વૅલ્યુ થાય છે.

AFF આ નંબરની બજારમાં ઓછામાં ઓછી આ વૅલ્યુ થાય છે.

AFG તમારી વૅલ્યુ ઘણી ઊંચી છે.

AFJ તમારી વૅલ્યુ ઘણી નીચી છે.

AFK તમારી વૅલ્યુ ઘણી વ્યાજબી છે. એ ભાવની આસ-પાસ અમે વેચીશું.

AFL તમારી વૅલ્યુ ઘણી નીચી છે, માટે સારો વધારો લઇને ઑફર કરશો.

AFM

AFN

AFP

લીમીટ.

AFR આ નંબરની વ્યાજબી રસ્તાસરની લીમીટ આપશો.

AFS હમોએ તમને આ રસ્તાસરની લીમીટ આપી છે. હવે ઓછો ઘટાડો કરીશું નહિ.

AFT આ નંબરની મેહેરબાની કરી તમારી છેવટની લીમીટ મોકલશો.

AFV તમારી લીમીટ ઘણી ઊંચી છે, માટે વ્યાજબી ઘટાડો કરશો; નહિતો કામ થાશે નહિ.

AFX તમારી છેલ્લી વ્યાજબી લીમીટ જણાવશો તો તુરત સોદો થઈ શકશે.

AFZ લીમીટ ઊંચી હોવાથી વેપારી વધારો આપતો નથી માટે વ્યાજબી લીમીટ મોકલો.

AGB તમારી લીમીટ હજી ઊંચી છે માટે ઘટાડો કરશો.

AGC તમારી છેવટની લીમીટ જણાવો, બનશે તો વેચીશ; નહિતો પાછો મોકલીશ.

AGD આ હમારી બીલકુલ છેવટની લીમીટ છે.

AGF તમારી લીમીટ ઘણી દૂર છે. તમારી ખુશી હોય તો માલ પાછો મોકલું.

AGG જો હમારી લીમીટની આસપાસ ન વેચી શકો તો માલ પાછો મોકલો.

AGH અમારી છેલ્લી લીમીટ ફક્ત પંદર દિવસ માટે હમો ખુલ્લી રાખીએ છીએ.

AGK તમારી લીમીટ ઉપજાવી શકાશે નહિ, માટે હજી થોડી મહેનત કરીને ન વેચાશે તો પાછો મોકલીશ.

AGL તમારી લીમીટ પ્રમાણે સોદો કરવાની મને આશા છે.

AGM તમારી લીમીટ પ્રમાણેનો ભાવ હજી મળ્યો નથી પણ મહેનત ચાલુ છે.

AGN

AGP

AGR

વેચાણ.

AGS તમારી ઑફર હમે કબુલ કરીએ છીએ માટે આ ભાવે વેચજો.

AGT આ ભાવે વેચો અને વેચાણની ઉપજ તુરંત તારથી મોકલો.

AGV વધારો મેળવવાની કોશીશ કરવી યા વેચવું એ અમે તમારી ઉપર છોડીએ છીએ.

AGX થોડો વધારો મેળવીને વેચો પણ સોદો બગાડવો નહિ.

AGZ વધારો મેળવી વેચો અને સોદો બગડે તોપણ ફીકર નહિ.

AJB મેં આ ભાવે વેચ્યો છે.

AJC મેં માલ હજી વેચ્યો નથી.

AJD આ ભાવ ઉપજાવો અને જો ન મળે તો પછી તમારી કિંમતે વેચો.

AJF ડુપ્લીકેટ આ ભાવે વેચાઈ છે.

AJH આ અમારી લાગટ છે. એ ભાવે યા તો જરા વધારાએ ધ્યાન પુગાડી વેચો.

AJK

AJL

AJM

ટ્રાન્સફર.

AJN જો આ નંબર લીમીટ પ્રમાણે ન વેચાય તો આ આસામીને માલ ટ્રાન્સફર કરો અને અમને તારથી ખબર આપો.

AJP તમારા લખ્યા પ્રમાણે માલ ટ્રાન્સફર આપ્યો છે.

AJR આ નંબર હજી ટ્રાન્સફર આપ્યો નથી.

AJS જો હવે ઑફર આવશે નહિ તો માલ ટ્રાન્સફર કરાવવો પડશે.

AJT તમોએ જણાવેલા આસામી ટ્રાન્સફર લેવા ના પાડે છે.

AJV હું ટ્રાન્સફર લેવા ખુશી નથી.

AJX આ નંબર ટ્રાન્સફર મળી ગયો છે.

AJZ તમોએ આ નંબર ટ્રાન્સફર લીધો કે નહિ તે તારથી જણાવો.

AKB

AKD

AKF

પાછો મોકલો.

AKH આ નંબર પાછો મોકલો.

AKJ આ નંબર તુરત પાછો મોકલો અને અમને તારથી ખબર આપો.

AKL જો વધારે મેળવવાની આશા ન હોય તો આ નંબર પાછો મોકલો.

AKM આ નંબરની ઑફર ન મળી શકતી હોય તો માલ પાછો મોકલો.

AKN આ નંબર જો હવે ન વેચાય તો પંદર દિવસમાં પાછો મોકલો.

AKP આ નંબર જો હવે ન વેચાય તો એક મહિનામાં પાછો મોકલો.

AKS આ નંબર અત્રે વેચાય એવો નથી તમે કહો તો પાછો મોકલું.

AKT આ નંબર મેં પાછો મોકલ્યો નથી, કારણ ઑફર મળવાની આશા છે.

AKV આ નંબરની હજી મને થોડા દિવસ મહેનત કરવા દ્યો. પછી જો કાંઈ નહિ થાશે તો પાછો મોકલીશ.

AKX જો દશ પંદર દિવસમાં ઑફર ન મળશે તો પાછો મોકલીશ.

AKZ આ નંબર આવતા મેલમાં પાછો મોકલીશ.

ALB આ નંબર ગયા મેલમાં પાછો મોકલ્યો છે.

ALC અમો માલ મંગાવીએ નહિ ત્યાંસુધી પાછો મોકલશો નહિ.

ALD

ALF

ALG

પહોંચ.

ALH આવતા મેલમાં તમને પારસલ મોકલીશું.

ALJ ગયા મેલમાં તમને પારસલ મોકલ્યું છે.

ALK ગયા મેલના તમારા કાગળો મળ્યા છે પણ પારસલ મળ્યું નથી.

ALL ગયા મેલમાં તમારૂં પારસલ મળ્યું છે પણ કાગળ મળ્યો નથી.

ALM ગયા મેલમાં કાગળ યા પારસલ મળ્યાં નથી.

ALN પારસલ મળી ગયું છે.

ALP પારસલ હજી પણ મળ્યું નથી.

ALR કાગળ મળી ગયું છે.

ALS કાગળ હજી પણ મળ્યું નથી.

ALT ટપાલમાં પારસલ ગુમાઇ ગયું છે માટે વીમાકંપનીને હવે ખબર આપશો.

ALV આ નંબર તમને પહોંચ્યો કે નહિ તે તારથી જણાવો.

ALX

ALZ

AMB

ભુલ.

AMC આ નંબરના ભરતીયામાં ફેર છે માટે સુધારીને મોકલાવો.

AMD આ નંબરના ભરતીયામાં અમારી ભુલ છે માટે હાલમાં ઑફર લેવી નહિ.

AMF આ નંબરનો વજન તમોએ સામટો આપ્યો છે માટે જુદું વજન મોકલો.

AMG આ નંબરમાં દાણા વધારે છે. તમોએ ઓછા જણાવ્યા છે.

AMH આ નંબરમાં દાણા ઓછા છે. તમોએ વધારે જણાવ્યા છે.

AMJ આ નંબરના વજનમાં તમારી ભુલ છે.

AMK આ નંબરની છેલ્લી ઑફર ભુલથી થઈ છે માટે તે ઑફર કેન્સલ કરશો.

AML ગણત્રી કરવામાં મારી ભુલ હોવાથી આ ઑફર ફરીથી કરૂં છું.

AMM તમારા વજનમાં ભુલ હોવાથી આ ઑફર ફરીથી કરૂં છું.

AMN ભરતીયામાં ભુલ હોવાથી વેપારીએ માલ પાછો આપ્યો છે.

AMP ભરતીયામાં ભુલ હોવાથી આ ભાવે માલ વેચવો પડ્યો છે.

AMR ખરાબ રીતે માલ પૅક કીધેલો હોવાથી છડા તુટેલા મળ્યા છે.

AMS

AMT

AMV

અવેજ.

AMX વેચાણના પૈસા તુરત તારથી મોકલો.

AMZ ઇન્ટરનેશનલ બેંક મારફતે નાણાં વાળ્યાં છે.

ANB ઇસ્ટર્ન બેંક મારફતે નાણાં વાળ્યાં છે.

ANC નીચે જણાવેલી બેંક મારફતે નાણાં વાળ્યાં છે.

AND ટપાલમાં નાણાં મોકલ્યાં છે.

ANF આવતી કાલે અવેજ વાળીશ.

ANG ત્રણ દિવસમાં અવેજ વાળીશ.

ANH પાંચ દિવસમાં અવેજ વાળીશ.

ANJ આઠ દિવસ રહીને અવેજ વાળીશ.

ANK

ANL

ANM

ઍડવાન્સ.

ANN તમને સારો માલ મોકલ્યો છે, મળ્યા બાદ સારો ઍડવાન્સ તારથી મોકલજો.

ANP આ નંબર ઉપર વ્યાજબી ઍડવાન્સ મોકલો.

ANR માલ તૈયાર છે. તમો કેટલા હજાર પૌંડના ઍડવા-ન્સનીગોઠવણ કરી શકો તે જણાવો.

ANS માલ તૈયાર છે. તમે આટલા પૌંડનો ઍડવાન્સ મોકલી શકશો કે? તે જણાવો.

ANT હું આટલા પૌંડ ઍડવાન્સ મોકલવા તૈયાર છું.

ANV હાલમાં ઍડવાન્સની ગોઠવણ થઈ શકે એમ નથી.

ANX માલ મલી ગયા બાદ ઍડવાન્સની ગોઠવણ થઈ શકશે.

ANZ

APB

APC

માંગણી.

APD હાલમાં આવા માલ—ની જરૂર નથી.

APF આ નંબરને મળતા માલની હાલમાં જરૂર છે.

APG થોડા વખતમાં આ જાતના માલની જરૂર જણાશે એમ લાગે છે.

APH આ જાતનો માલ ખાસ જરૂરીઆત વગર વેચાય એમ નથી.

APJ

APK

APL

તાર.

APM તમારા તારના પહેલા શબ્દમાં સમજ પડતી નથી.

APN તમારા તારના બીજા શબ્દમાં સમજ પડતી નથી.

APP તમારા તારના ત્રીજા શબ્દમાં સમજ પડતી નથી.

APR તમારા તારના ચોથા શબ્દમાં સમજ પડતી નથી.

APS તમારા તારના પાંચમા શબ્દમાં સમજ પડતી નથી.

APT તમારા તારના શબ્દમાં સમજ પડતી નથી.

APV મારા છેલ્લા તારનો જવાબ હજી મળ્યો નથી તે જવાબ આપશો.

APX આ તારનો જવાબ જલદી આપશો.

APZ મારો છેલ્લો તાર ભુલથી દીધો છે, માટે તે કૅન્સલ કરશો.

ARB

ARC

ARD

બજાર.

ARF બજારની હાલત કેમ છે તે તારથી જણાવો.

ARG બજારનાં ભવિષ્ય માટે તમારો શું વિચાર છે.

ARH બજાર હાલમાં તો સારી રીતે ટકેલું છે અને થોડા વખત સુધી મક્કમજ રહેશે એમ લાગે છે.

ARJ બજારની હાલત નરમ છે અને ધરાક બીલકુલ નથી.

ARK બજાર વધારે મજબુત રહેશે એમ લાગે છે.

ARL બજાર સહેજ નરમ જશે એમ લાગે છે.

ARM બજાર ટકેલું છે પણ ખરીદી બંધ જેવી છે.

ARN બજાર ટકી રહેશે અને નીચે જાશે નહિ એમ લાગે છે.

ARP બજાર ટકી રહી પાછળથી ઉપર જશે એમ લાગે છે.

ARR બજારની હાલત સારી નથી અને ભાવો સહેજ નરમ ગયા છે.

ARS બજારની હાલત મજબુત છે અને ભાવો સહેજ ઉપર ગયા છે.

ART હાલમાં બજાર ખરાબ છે પણ થોડા વખતમાં સુધરશે એમ લાગે છે.

ARV હવે બજાર નીચે જાશે એમ લાગે છે.

ARZ બજારમાં થોડા વખતમાં કરાઇસીસ આવશે, એવી ધાસ્તી રાખવામાં આવે છે.

ASB નાણા બજારની ખરાબ હાલતને લીધે.

ASC કદાચ લડાઈ થશે એવી ધાસ્તીને લીધે.

ASD શેર બજારની ખરાબ હાલતને લીધે.

ASF સામાન્ય વેપાર ઉદ્યોગની માઠી હાલતને લીધે.

ASG વેપારીઓ કાચા પડશે એવી ધાસ્તીને લીધે.

ASH વેપારીઓ માલથી ભરાઇ જવાને લીધે.

ASJ બેન્કોએ હુંડી લેવાનું ઓછું કરવાને લીધે.

ASK બેન્કોએ હુંડી લેવાનું એકદમ બંધ કરવાને લીધે.

ASL વેપારીઓના કાચા પડવાને લીધે.

ASM અમેરીકાની ખરાબ હાલતને લીધે.

ASN

ASP

ASR

AST

ASV

ATB

ATC

ATF

ATG

ATH

ATJ

ATK

ATL

ATM

વેપારીનાં નામ.

AB
AC
AD
AF
AG
AH
AJ
AK
AL
AM
AN
AP
AR
AS
AT
AV
AZ
EB
EC
ED
EF
EG
EH
EK
EL
EM
EN
EP
ER
ES
ET
EV
EZ
IB
IC
ID
IF
IG
IH
IJ

IK
IL
IM
IN
IR
IS
IT
IV
IZ
OB
OC
OD
OF
OG
OH
OJ
OK
OL
OM
ON
OP
OR
OS
OT
OV
OZ
UB
UC
UD
UF
UG
UH
UJ
UK
UL
UM
UN
UR
US
UT
UV
UZ

Printed by B. R. Ghanekar at the Nirnaya-Sagar Press,
23, Kolbhat Lane, Bombay.

Published by M. B. Godrej,
15, Rue Chateaudun, PARIS.